# સાબર ડેરીની વાર્ષિક સાધારણ સભામાં તોફાન

## દૂધ ઉત્પાદકો દ્વારા પથ્થરમારો થતાં ૩ પત્રકાર, બે પોલીસકર્મી સહિત ૧૧ ઘાયલ : પોલીસે લાઠીચાર્જ કરી ટીયર ગેસ સેલ છોડી ટોળા વિખેરી નાખ્યા : દૂધ ઉત્પાદકોનું હિત એ મારું લક્ષ : ચેરમેન જેઠાભાઈ પટેલ

હિંમતનગર, તા. ૨૭

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર ખાતે આવેલ સાબર ડેરીની ૩૯મી વાર્ષિક સાધારણ સભા તોફાની બનવા પામી હતી. દૂધના ભાવ વધારની ચૂકવણીના મુદ્દે દૂધ ઉત્પાદકોના એસોશિયેશનના આહવાનને લઈ આજે ગુરૂવારે મોટી સંખ્યામાં દૂધ ઉત્પાદકો અને ખેડૂતો સવારથી જ સાબર ડેરી ખાતે ઉમટી પડયા હતા. સાબર ડેરીના હોલમાં સાધારણ સભાની કાર્યવાહી ચાલી રહી હતી. ત્યારે ડેરીની બહાર મોટી સંખ્યામાં ઉપસ્થિત દૂધ ઉત્પાદકોએ હો હા કરી મૂકી હંગામો મચાવ્યો હતો. પોલીસે ટોળાને વિખેરાઈ જવા વિનંતી કરવા છતાં ખેડૂતો હટવાનું નામ ન લેતાં અને હો હા મચાવતાં પોલીસે બળ -યોગ વાપરી લાઠી ચાર્જ કર્યો હતો. જેના -ત્યુત્તરમાં દૂધ ઉત્પાદકો અને ખેડૂતોએ ભારે પથ્થર મારો કરતાં ૩ પત્રકારો, ૨ પોલીસ કર્મિ સહિત ૧૧ લોકો ઘવાયા હતા. પથ્થર મારામાં સાબર ડેરીના અધિકારીઓ અને કર્મચારીઓની ગાડીઓના કાચ પણ તૂટી ગયા હતા. ડેરીના ૨ કર્મચારીઓ પણ ગંભીર રીતે ઘવાયા હતા. વાર્ષિક સાધારણ સભા સમયે અફડા તફડીનો મહોલ સર્જાતાં પોલીસને ટોળા વિખરેવા ટીયર ગેસ છોડવાની પણ ફરજ પડી હતી.

સાબર ડેરીની આજે યોજાયેલ વાર્ષિક સાધારણ સભા તોફાની બનવાના અગાઉથી જ એંધાણ વર્તાઈ રહયા હતા. જેને લઈ ડેરીના વહીવટ કર્તાઓએ ચૂસ્ત બંદોબસ્ત ગોઠવ્યો હતો. સાધારણ સભાના સમયે મોટી સંખ્યામાં દૂધ ઉત્પાદકો અને ખેડૂતો સાબર ડેરીની બહાર એકઠા થયા હતા. અને એસોશિયેશનના હોદેદારોના ઈશારે હો હા કરી અફડા તફડીનો માહોલ સર્જયો હતો. ખેડૂતોને પૂરતા -માણમાં ભાવ મળી રહે તે માટે સાબર ડેરી દ્વારા અસરકારક પગલા ભરવામાં આવી રહયા છે. દૂધ ઉત્પાદકોને ૪૦ કરોડ રૂપિયા ભાવ વધારો આપવાની પણ સાબર ડેરીના નિયામક મંડળે જાહેરાત કરી હોવા છતાં એસોશિયેશનના હોદેદારો અંગત સ્વાર્થ લઈ દૂધ ઉત્પાદકોને ઉશ્કેરી સામાન્ય સભામાં વિગ્ન નાખવાનો -યાસ કર્યો હતો. પરંતુ સામાન્ય સભા હેમ ખેમ સંપન્ન થઈ હતી.

સાબર ડેરી બહાર એકઠા થયેલા એસોશિયેશનના હોદેદારો અને કેટલાક દૂધ ઉત્પાદકો અને ખેડૂતોએ હંગામો મચાવી અફડા તફડીનો માહોલ સર્જી પથ્થર મારો કરતાં પોલીસને લાઠી ચાર્જ કરવાની તેમજ અશ્રુ ગેસ છોડવાની ફરજ પડી હતી.પથ્થર મારા અને લાઠી ચાર્જમાં સાબર ડેરીના ૨ કર્મચારીઓ, ૩ પત્રકારો, ૨ પોલીસકર્મી, ૪ ખેડૂત સહિત ૧૧ લોકો ઘવાયા હતા.



(તસવીર : મગનજી વણઝારા)





### દૂધ ઉત્પાદકોનું હિત એ જ મારું લક્ષ્ય : ચેરમેન

સાબર ડેરીની સાધારણ સભામાં કેલાક દૂધ ઉત્પાદકો અને ખેડૂતોએ એસોશિયેશનના હોદેદારોના ઈશારે હો હા કરી પથ્થર મારો કર્યો હતો. જેમાં ૧૧ જેટલા લોકો ઘવાયા હતા. સાબર ડેરીના ચેરમેન જેઠાભાઈ પટેલે આ ઘટનાને દુર્ભાગ્ય પૂર્ણ ગણાવતા જણાવ્યું હતું કે દૂધ ઉત્પાદકોનું હિત એજ મારૂ લક્ષ છે. ડેરીના ઈતિહાસમાં -થમ વખત ટર્નઓવર રૂ.૨૦૮૪ કરોડે પહોચાડયુ છે. અને દૂધ સરેરાશ ૪૮૩ -તિ કિલો ફેટે આપી ડેરીના ઈતિહાસમાં એક ઉત્તમ સીમાચિહ હાંસલ કર્યુ છે. વધુમાં ચેરમેન જેઠાભાઈએ જણાવ્યું હતુ કે વર્ષ દરમિયાન સંઘે મહત્તમ ૧૬.૦૭ લાખ કિલો ગ્રામ દૂધ -ાપ્ત કરેલ છે.



# ખેડબ્રહ્મામાં પરવાના વગર ચાલતી હોટલો અને લારી-ગલ્લાઓનો રાફડો

ખેડબ્રહ્મા, તા. ૨૭

ખેડબ્રહ્મા શહેરમાં છેલ્લા ઘણા સમયથી પરવાના વગરની હોટલો તેમજ ખાણી-પીણીની લારીઓ ખુલ્લેઆમ ફુલીફાલી રહી છે. ત્યારે તંત્રના અધિકારીઓ હપ્તાના લ્હાયમાં સમગ્ર મામલે આંખ આડા કાન કરી રહી છે. પરિણામે પ્રજામાં ભારે રોષ ફેલાયો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર ખેડબ્રહ્મા શહેર અને તાલુકામાં છેલ્લા ઘણા સમયથી હોટલો પરવાના વગર ધમધમી રહી છે અને ગમે તેવું ભેળસેળવાળી ચીજવસ્તુઓ પિરસી રહ્યા છે. જ્યારે નાની-નાની લારીઓ અને ગલ્લાવાળાઓ પણ શરીરને હાનીકારક ચીજવસ્તુઓ વેંચી રહ્યા છે અને નિયમોનું ઉલ્લંઘન કરી રહ્યા છે. ત્યારે તંત્રના અધિકારીઓ આ સમગ્ર મામલે ચુપકી સેવી રહ્યા છે.



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ઉત્તરાખંડમાં પડેલ મુશળધાર વરસાદમાં હજારો યાત્રિકો અવે અસંખ્ય સ્થાનિક નાગરીકો પુરમાં તબાહ થઈ ગયા છે. તેમના માટે દેશભરમાંથી સહાયનો ધોધ વહી રહ્યો છે ત્યારે ડીસા શહેરમાં પણ ફાળો ઉઘરાવી શહાય અસર ગ્રસ્તોને મોકલવા માટે રાષ્ટ્રિય સ્વયં સેવક સંઘના ૧૦૦ કાર્યકરો કામે લાગી ગયા હતા. તેમણે આખા ડીસા શહેરમાં ફરી દાન એકઠું કર્યુ હતુ. લોકોએ યથાશક્તિ પ્રમાણે દાન આપી માનવતા દાખવી હતી.

# પ્રાંતિજના પતિ-પત્નીના હજુ કોઈ સમાચાર ના મળતા પરિવારના સભ્યો ચિંતામાં

પ્રાંતિજ, તા. ૨૭

ચારધામની યાત્રાએ ગયેલા સોની દંપત્તીનો કોઈ ફોન કે કોઈ મેસેજ ના મળતા પરિવારના બીજા સભ્યોના જીવ પણ ટોલ્લે લટકે છે.

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતેથી ચારધામની યાત્રામાં ગયેલા સોની પરિવારના પતિ-પત્નીનો કોઈ ભાર ન મળતા પરિવારના બીજા સભ્યો ચિંતામાં મુકાયા છે.

મળતી માહિતી મુજબ પ્રાંતિજ બજારચોક દેસાઈની પોળમાં રહેતા સોની દંપત્તી ભગવાનના દર્શન કરવા અને ચારધાની યાત્રા માટે નિકળ્યા હતા. પરંતુ ઉત્તરાખંડમાં આભ ફાટતા ત્યાં ગયેલા કેટલાયે લોકોનો હજુ સુધી કોઈ પત્તો લાગ્યો નથી. જેમાં પ્રાંતિજના સોની દંપત્તીનો સમાવેશ થાય છે અને હજુ સુધી કોઈ ફોન કે મેસેજ ના મળતા ઘરના બીજા સભ્યોમાં દંપત્તીને લઈને ચિંતા થવા લાગી છે અને ઘટના બન્યાને દસ દિવસ બન્યા છતાં કોઈ પત્તો ન લાગતા તેમના પરિવારના સભ્યો પણ દેહરાદૂન દોડી ગયા છે અને બચાવ ટુકડીના એક એક હેલીકોપ્ટર આવતા જ તરત જ ઉભા થઈને પરિવારના સભ્યો છે કે કેમ જોવા દોડી જાય છે પણ હેલીકોપ્ટરમાંથી પરિવારનું કોઈ સભ્ય બહાર ન આવતા નિરાસ થઈને પાછા બેસી જાય છે. જ્યારે ઉત્તરાખંડમાંથી જ ફોન આવ્યો હશે. પણ ફોન ઉપર બીજા સગા સંબંધી માહિતી માંગતા નિરાશ થઈને કહેવું પડે છે કે ના હજી સુધી કોઈ ફોન કે પત્તો લાગ્યો નથી. કંઈ સમાચાર મળે તો તમને જણાવીશું.



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

પ્રાંતિજમાં બીજા સભ્યોને પણ કોઈ સમાચાર કે કોઈ ખબર અંતર ના મળતા પ્રાંતિજમાં પણ પરિવારના સભ્યો પરિવારના બે સભ્યોને લઈને ચિંતા વધવા માડી છે અને હવે તો બંધુ ભગવાન પર છોડ્યુંછે. જ્યારે ઘરમાં કે મોબાઈલમાં કદાચ ઘંટડી વાગે તો પહેલા તો પરિવારના દરેક સભ્યને એક જ વિચાર આવે છે કે

આમ સવારથી રાત સુધી ફોનની તથા મોબાઈલની ઘંટડી ખણકે છે પણ ક્યારે ચારધામની યાત્રાએ ગયેલા દંપત્તીનો ફોન આવે અથવા તો કોઈ ત્રાહિત વ્યક્તિ દ્વારા ખુશીના સમાચાર કે ફોન આવે તેની દિવસ - રાત્ર પરિવારના બીજા સભ્યો રાહ જુવે છે.

# મહેસાણા અને વિસનગર સરકારી કન્યા છાત્રાલયમાં પ્રવેશ મેળવવા અરજી કરો

મહેસાણા, તા. ૨૭

અનુસુચિત જાતિની કન્યાઓ માટે મહેસાણા અને વિસનગર ખાતે ધોરણ ૧૧થી ઉચ્ચ અભ્યાસક્રમો માટે વિના મુલ્યે રહેવા તેમજ જમવાની સુવિધાઓ સાથે સરકારી કન્યા છાત્રાલય સરકારશ્રી દ્વારા ચલાવવામાં આવે છે.

આ છાત્રાલયમાં પ્રવેશ મેળવવા માટે સમાજ કલ્યાણ નિરીક્ષક (અ.જા.) સંબંધિત તાલુકા પંચાયત કચેરી અથવા જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીની કચેરી બહુમાળી મકાન, બ્લોક નં. ૪, પ્રથમ માળ મહેસાણા ખાતે સંપર્ક સાધવાનો રહેશે. અન્ય વિગતો માટે કચેરીના ફોન નંબર ૦૨૭૬૨-૨૨૧૪૧૫ અથવા મોબાઈલ નંબર ૯૪૨૯૨૯૮૯૬૫ પર સંપર્ક સાધી શકો છે તેમ જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીની અખબારી યાદીમાં જણાવાયું છે.



સાબરકાંઠા જિલ્લા આયોજન મંડળની બેઠક જિલ્લા -ભારી મંત્રી અને કાયદા મંત્રી શ્રી -દિપસિંહ જાડેજાના અધ્યક્ષ સ્થાને જિલ્લા સેવા સદન ખાતે મળી હતી. આ બેઠકમાં વર્ષ ૨૦૧૩-૨૦૧૪ ના વિવેકાધીન, જિલ્લા કક્ષા, તાલુકા કક્ષા વિવેકાધીન, -ોત્સાહક, ખાસ ભૌગોલિક પછાત વિસ્તાર અને નગરપાલિકાઓનાં, કામોને -ાથમિક માન્યતા આપવામાં આવી હતી. આ બેઠકમાં સ્થાનિક વિકાસના કામોને મંજૂરી આપવામાં આવી હતી. જેમાં સાબરકાંઠા જિલ્લામાં વિકાસ ૧૩૨૪ કામો માટે રૂ.૧૪૦૫ લાખની જોગવાઈ કરવામાં આવી હતી.

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

# ઉત્તર ગુજરાતના બજાર ભાવો

### તલોદ

| | | |
|---|---|---|
| મગફળી | ૫૦૦ | ૮૬૨ |
| મકાઈ | ૨૪૦ | ૨૮૮ |
| એરંડા | ૬૭૫ | ૬૮૮ |
| ઘઉં | ૩૦૭ | ૩૪૭ |
| બાજરી | ૨૦૦ | ૩૦૦ |
| ગવાર | ૯૬૬ | ૧૪૬૦ |
| જુવાર | ૩૨૫ | ૩૩૯ |

### સલાલ

| | | |
|---|---|---|
| મગફળી | ૬૦૦ | ૮૬૫ |
| ઘઉં | ૩૧૦ | ૩૫૦ |
| બાજરી | ૨૩૫ | ૨૭૫ |
| ડાંગર જયા | ૩૦૫ | ૩૨૫ |
| ડાંગર ગુજ | ૩૩૦ | ૩૫૦ |

### પ્રાંતિજ

| | | |
|---|---|---|
| એરંડા | ૬૬૦ | ૬૭૫ |
| ઘઉં | ૩૦૦ | ૩૪૦ |
| બાજરી | ૨૩૦ | ૨૮૦ |
| ડાંગર ગુજ | ૩૩૦ | ૩૫૦ |
| ડાંગર જયા | ૩૦૫ | ૩૨૬ |

### ધનસુરા

| | | |
|---|---|---|
| એરંડા | ૬૭૫ | ૬૮૫ |
| મકાઈ | ૨૪૦ | ૩૦૫ |
| ઘઉં | ૩૦૦ | ૩૬૩ |
| બાજરી | ૨૦૦ | ૨૭૯ |
| ગવાર | ૮૭૦ | ૧૪૦૦ |

### ખેડબ્રહ્મા

| | | |
|---|---|---|
| ઘઉંલોકવાન | ૩૦૫ | ૩૨૫ |
| ઘઉં૪૯૬ | ૩૧૫ | ૩૫૦ |
| મકાઈ | ૨૪૭ | ૨૮૨ |
| એરંડા | ૬૬૦ | ૬૬૫ |
| મગફળી | ૬૭૫ | ૭૨૫ |
| મગ | ૯૫૦ | ૧૦૮૧ |

### મોડાસા

| | | |
|---|---|---|
| રાયડો | ૫૫૦ | ૬૦૧ |
| એરંડા | ૬૬૮ | ૬૮૦ |
| બાજરી | ૨૧૦ | ૩૦૦ |
| મકાઈ | ૨૫૦ | ૨૯૦ |
| ઘઉં | ૩૦૦ | ૩૫૦ |
| મગફળી | ૫૫૦ | ૮૫૦ |
| ગવાર | ૯૮૦ | ૧૪૦૦ |
| ચણા | ૫૫૦ | ૬૭૫ |
| જુવાર | ૩૮૦ | ૪૦૩ |

### ટીંટોઈ

| | | |
|---|---|---|
| એરંડા | ૬૬૦ | ૬૭૧ |
| બાજરી | ૨૫૦ | ૨૭૦ |
| મકાઈ | ૨૫૦ | ૨૮૫ |
| ઘઉં | ૩૦૦ | ૩૩૭ |
| મગફળી | ૫૫૦ | ૮૪૦ |
| ગવાર | ૧૧૦૦ | ૧૩૫૦ |

### દહેગામ

| | | |
|---|---|---|
| બાજરી | ૧૯૩ | ૨૮૭ |
| ઘઉં | ૩૦૯ | ૩૩૪ |
| ડાંગર | ૨૮૦ | ૨૯૦ |
| એરંડા | ૬૫૫ | ૬૮૬ |
| ગવાર | ૧૦૦૦ | ૧૪૦૦ |
| મકાઈ | ૨૩૫ | ૩૦૦ |
| તુવેર | ૫૩૦ | ૬૬૫ |
| જુવાર | ૨૬૨ | ૪૦૨ |
| રાયડો | ૫૬૦ | ૫૯૨ |

### રખિયાલ

| | | |
|---|---|---|
| બાજરી | ૧૯૦ | ૨૮૫ |
| ઘઉં | ૩૦૫ | ૩૩૦ |
| ડાંગર | ૨૭૫ | ૨૮૦ |
| ગવાર | ૯૦૦ | ૧૩૭૫ |
| મકાઈ | ૨૩૦ | ૨૮૦ |
| તુવેર | ૫૨૦ | ૬૬૦ |
| જુવાર | ૨૬૦ | ૪૦૦ |
| રાયડો | ૫૪૦ | ૫૯૦ |

### હિંમતનગર

| | | |
|---|---|---|
| મગફળી | ૬૦૦ | ૮૫૫ |
| એરંડા | ૬૮૦ | ૬૯૩ |
| મગ | ૭૦૦ | ૧૦૦૦ |
| ઘઉં | ૩૦૫ | ૩૩૯ |
| બાજરી | ૨૩૦ | ૨૭૬ |
| મકાઈ | ૨૭૦ | ૨૯૬ |
| ચણા | ૬૦૦ | ૬૪૫ |
| ગવાર | ૧૦૦૦ | ૧૩૮૪ |

### ઈડર

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૨૦ | ૩૭૦ |
| મકાઈ | ૨૫૦ | ૨૯૧ |
| એરંડા | ૬૬૦ | ૬૭૮ |
| બાજરી | ૨૩૫ | ૨૪૨ |
| મગફળી | ૬૫૦ | ૮૮૦ |
| તલ | ૧૫૦૦ | ૧૬૭૦ |
| ગવાર | ૧૨૦૦ | ૧૩૦૯ |
| જુવાર | ૩૫૦ | ૩૯૦ |
| મગ | ૯૫૫ | ૧૦૦૦ |

### કડી

| | | |
|---|---|---|
| સવા | ૬૩૧ | ૬૭૫ |
| ઘઉં | ૨૯૦ | ૩૫૧ |
| જુવાર | ૨૮૬ | ૩૯૬ |
| ડાંગર | ૩૭૫ | ૩૮૨ |
| બાજરી | ૨૫૬ | ૨૯૯ |
| બંટી | ૪૦૭ | ૪૧૪ |
| ગવાર | ૧૦૬૬ | ૧૪૨૭ |
| એરંડા | ૬૭૦ | ૬૮૦ |
| રાયડો | ૫૮૦ | ૬૧૦ |
| જીરૂ | ૨૧૦૦ | ૨૪૪૧ |
| તલ | ૨૧૦૦ | ૨૧૧૬ |

### પાલનપુર

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૦ | ૩૭૫ |
| બાજરી | ૧૯૦ | ૨૯૫ |
| એરંડા | ૬૬૫ | ૬૮૮ |
| રાયડો | ૫૭૫ | ૬૦૯ |
| રાજગરો | ૧૦૫૧ | ૧૧૭૧ |
| જુવાર | ૫૬૫ | ૫૯૫ |
| ગવાર | ૮૮૧ | ૧૩૮૧ |
| જવ | ૨૫૫ | ૨૬૦ |

### સિદ્ધપુર

| | | |
|---|---|---|
| મેથી | ૫૪૯ | - |
| વરીયાળી | ૧૪૦૦ | - |
| મગ | ૧૧૫૦ | - |
| રાયડો | ૫૮૮ | ૬૧૦ |
| એરંડા | ૬૬૦ | ૬૯૭ |
| ગવાર | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ઘઉં | ૨૬૦ | ૪૦૨ |
| બાજરી | ૧૮૦ | ૨૮૯ |
| જુવાર | ૧૭૦ | ૬૫૦ |
| ચણા | ૬૫૦ | - |
| જીરૂ | ૨૪૧૬ | - |
| સવા | ૭૧૩ | - |

### વિસનગર

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૫ | ૩૮૨ |
| બાજરી | ૨૦૦ | ૩૨૬ |
| રાયડો | ૫૫૧ | ૬૪૧ |
| એરંડા | ૬૬૦ | ૬૯૬ |
| કપાસ | ૭૦૦ | ૯૭૨ |
| જુવાર | ૩૦૦ | ૫૬૮ |
| તલ | ૧૬૦૦ | ૧૮૮૧ |
| મેથી | ૫૧૮ | ૫૫૦ |
| ગવાર | ૭૦૦ | ૧૩૯૧ |
| રજકાના બી | ૧૩૦૦ | ૨૪૫૫ |

### મહેસાણા

| | | |
|---|---|---|
| જુવાર | ૨૮૦ | ૪૮૦ |
| ઘઉં | ૨૯૪ | ૩૮૩ |
| જીરૂ | ૨૨૯૫ | ૨૪૫૦ |
| રાયડો | ૫૪૦ | ૬૦૯ |
| મેથી | ૪૮૨ | ૫૩૦ |
| સવા | ૫૭૫ | ૬૯૬ |
| વરીયાળી | ૭૩૯ | ૧૨૦૧ |
| બાજરી | ૨૩૩ | ૨૯૦ |
| એરંડા | ૬૭૨ | ૬૯૫ |
| અજમો | ૪૬૧ | ૧૧૮૬ |
| ગવાર | ૯૦૧ | ૧૩૭૨ |
| બંટી | ૩૭૫ | - |
| રજકાળી | ૧૨૦૦ | ૨૭૩૧ |

### આંબલીયાસણ

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૦ | ૩૪૮ |
| બાજરી | ૧૮૦ | ૨૭૭ |
| રાયડો | ૫૯૬ | ૬૦૦ |
| એરંડા | ૬૭૬ | ૬૭૯ |
| ગવાર | ૧૧૩૪ | ૧૧૭૦ |
| જુવાર | ૨૦૦ | ૩૬૦ |

### જોટાણ

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૮૦ | ૩૨૦ |
| એરંડા | ૬૭૨ | ૬૮૦ |
| રાયડો | ૫૯૩ | - |
| બાજરી | ૨૪૦ | ૬૮૦ |
| ગવાર | ૮૬૮ | ૧૩૯૮ |

### હારીજ

| | | |
|---|---|---|
| રાયડો | ૫૮૦ | ૬૧૫ |
| એરંડા | ૬૪૫ | ૬૭૮ |
| સાસટો | ૩૦૦ | ૪૦૦ |
| બાજરી | ૨૫૦ | ૨૯૧ |
| ઘઉં | ૨૯૦ | ૪૧૧ |
| ગવાર | ૧૦૦૦ | ૧૪૦૦ |
| અડદ | ૫૦૦ | ૬૫૫ |
| ચણા | ૫૫૦ | ૬૦૩ |
| જીરૂ | ૨૨૫૦ | ૨૫૮૫ |
| સવા | ૬૦૦ | ૬૯૧ |
| બંટી | ૩૮૬ | - |

### કલોલ

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૭ | ૩૬૨ |
| એરંડા | ૬૫૦ | ૬૮૦ |
| બાજરી | ૨૩૫ | ૨૯૦ |
| રાયડો | ૬૦૦ | - |
| ડાંગર | ૨૬૦ | ૩૮૦ |
| ગવાર | ૧૦૬૬ | ૧૪૦૦ |
| જુવાર | ૩૦૦ | ૪૮૫ |
| જવ | ૨૫૦ | - |

### બાયડ

| | | |
|---|---|---|
| એરંડા | ૬૬૦ | ૬૯૦ |
| ઘઉં | ૨૯૦ | ૩૫૦ |
| બાજરી | ૨૧૦ | ૨૭૦ |
| મકાઈ | ૨૬૦ | ૨૮૦ |
| ગવાર | ૧૧૦૦ | ૧૩૫૦ |

### ઊંઝા

| | | |
|---|---|---|
| જીરૂ | ૨૦૨૦ | ૨૭૬૫ |
| વરીયાળી | ૯૧૮ | ૨૧૩૫ |
| ઈસબગુલ | ૧૨૨૩ | ૧૫૩૫ |
| સરસવ | ૫૭૧ | ૬૮૫ |
| રાયડો | ૫૭૫ | ૬૬૫ |
| મેથી | ૫૭૨ | - |
| તલ | ૧૮૭૧ | ૨૨૬૦ |
| સવા | ૬૮૩ | - |